રજૂ તારીખ : ૦૩.૦૩.૨૦૨૬
દાખલ તારીખ : ૦૩.૦૩.૨૦૨૬
ફેંસલ તારીખ : ૧૨.૦૩.૨૦૨૬

| અવધિ : | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૦ | ૦ | ૯ |

આંક-..........

## સુરતના મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટ સમક્ષ, મુ.સુરત

**ફોજદારી પરચુરણ અરજી નં.૧૬૧૮/૨૦૨૬**

અરજદારઃ **મોહમદ યશા હનિફ ઉર્ફે અનુ મીંડી શેખ,**
ઉં.આ.૩૦ વર્ષ, ધંધોઃ વેપાર,
રહેવાસીઃ ઘર નં.૧/૧૬૨૧, પહેલો માળ,
નવાબી મસ્જીદ પાસે, ખંડેરાવપુરા,
નાનપુરા, સુરત.

વિરુદ્ધ

સામાવાળાઃ **શ્રી સરકાર.**

**વિષયઃ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે જામીન અરજી.**

અરજદાર તરફે વિ.ધારાશાસ્ત્રીશ્રી ઝેડ.કે.બેલાવાલા
સામાવાળા તરફે વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી એન.એલ.સુખડવાલા
વિથ પ્રોસીક્યૂશન વિ.ધારાશાસ્ત્રીશ્રી બી.એલ.સુખડવાલા

## <u>ચૂકાદો</u>

**(૧)** અરજદાર–આરોપીને અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશન પાર્ટ–'બી' ગુના રજિ. નં.૧૧૨૧૦૦૦૫૨૨૦૯૯૭/૨૦૨૨ ના કામે ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એક્ટ, ૨૦૧૫ (હવે પછી ટૂંકમાં 'ગુજસીટોક એકટ' તરીકે સંબોધવામાં આવેલ છે) ની કલમ–૩(૧)(ii), ૩(૨) તથા ૩(૪) ના ગુના સબબ અટક કરવામાં આવેલ હોઈ, તેમણે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ હેઠળ નિયમિત જામીન મેળવવા માટે હાલની અરજી કરેલી છે.

**(૨)** અરજદાર–આરોપી તથા સહઆરોપીઓ સામે દાખલ થયેલ હાલના ગુનાની સંક્ષિપ્તમાં હકીકત એવી છે કે, સુરત શહેર અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા આરોપી અનસ ઉર્ફે અનસ મીંડી સફી રંગરેજે તારીખઃ ૧૪.૦૬.૨૦૨૨ અગાઉના છેલ્લા દસ વર્ષમાં પોતાના અન્ય ગુનેગાર સાગરીતો (૧) મોહમ્મદ ફહદ મોહમ્મદ આરીફ ઉર્ફે મીંડી શેખ, (૨) **મોહમ્મદ યશા હનિફ ઉર્ફે અનુ મીંડી શેખ,** (૩) મોહમ્મદ જુનેદ ઉર્ફે ટુકડી મોહમ્મદ હનિફ ઉર્ફે બચુ શેખ, (૪) મોહમ્મદ કૈઝર મોહમ્મદ આરીફ ઉર્ફે આરીફ મીંડી શેખ, (૫) મોહમ્મદ આરીફ ઉર્ફે આરીફ મીંડી ગુલામ રસુલ ખેશ, (૬) મોહમ્મદ તુફેલ ઉર્ફે માવીયા મોહમ્મદ ઈકબાલ ગુલામ કુંભાર સાથે મળી ગુનાઓ આચરવા માટે સંગઠિત ગુનાઓ આચરતી ટોળકી **"અનસ મીંડી ગેંગ"** બનાવેલ. આ ટોળકીના સાગરીતો દ્વારા અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશન, લાલગેટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ભારતીય દંડ સંહિતાના પ્રકરણ–૮, ૧૬, ૧૭, ૧૮, ૨૨ તથા હથિયાર ધારા હેઠળના ગંભીર

પ્રકારના ગુનાઓ આચરવામાં આવેલ છે અને આવા ગુનાઓથી થતા આર્થિક ફાયદાને પોતાની આજીવિકાનું સાધન બનાવી દીધેલ છે. આ ટોળીના સભ્યોને અંકુશીત કરવા પાસા / તડીપારની કાર્યવાહી કરવામાં આવેલ હોવા છતાં તેઓની આ ગુનાહિત પ્રવૃત્તિ ભયજનક રીતે ચાલું રહેલ, જેથી આરોપીઓ સામે "ગુજસીટોક એક્ટ" ની કલમ-૨(૧)(એફ) ના તત્વો આકર્ષાય છે. આ જોગવાઈ મુજબ આરોપીઓ સામે છેલ્લા ૧૦ વર્ષમાં ત્રણ વર્ષ કે તેથી વધુ સજાને પાત્ર બે કે તેથી વધુ ગુનામાં ચાર્જશીટ દાખલ થયેલ છે અને અદાલતે તેનું સંજ્ઞાન પણ લીધેલ છે. આમ છતાં આ ટોળીએ તેમની સંગઠિત ગુનાઓ આચરવાની પ્રવૃત્તિ સતત ચાલું રાખેલ છે. આથી આરોપીઓ વિરુદ્ધ ગુજસીટોક એક્ટની કલમ-૩(૧)(ii), ૩(૨), ૩(૪) મુજબનો ગુનો નોંધાયેલ છે.

**(૩)** હાલની જામીન અરજી સંદર્ભે આ કામના સામાવાળાને નોટિસ બજતા, ફરિયાદ પક્ષે વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી એન.એલ.સુખડવાલા હાજર થયેલ છે. તપાસ કરનાર અધિકારીએ **આંક-૪** થી રજૂ કરેલ સોગંદનામું વંચાણે લીધેલ છે. સદર અરજીના અનુસંધાને થર્ડ પાર્ટી તરફે વિ.ધારાશાસ્ત્રીશ્રી બી.એલ.સુખડવાલા હાજર થયેલ છે અને તેમણે થર્ડ પાર્ટી તરીકે મોહંમદ શફીમીંયા મોહંમદ શેખનું સોગંદનામું **આંક-૬** થી રજૂ કરેલ છે. પક્ષકારોના વિ.વકીલશ્રીઓની રજૂઆત સાંભળી તેમજ રેકર્ડ વંચાણે લીધું.

**(૪)** અરજદાર-આરોપીના વિ.ધારાશાસ્ત્રીશ્રી દ્વારા રજૂઆત કરવામાં આવેલ છે કે, અરજદાર-આરોપીને સદર ગુનાના કામે અત્રેની કોર્ટ

દ્વારા અગાઉ નિયમિત જામીન પર મુક્ત કરવામાં આવેલ. પરંતુ ત્યાર બાદ ત્રાહિત પક્ષકાર દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કરવામાં આવેલ અરજીના અનુસંધાને તેમના જામીન રદ કરવામાં આવતા, તેઓ સદર ગુનાના કામે હાજર થઈ ગયેલ છે અને ફરીથી નિયમિત જામીન મેળવવા હાલની અરજી કરેલ છે.

**(૪.૧)** અરજદાર–આરોપીના વિ.ધારાશાસ્ત્રીશ્રીએ વધુમાં રજૂઆત કરેલ છે કે, સદર ગુનાની તપાસ પૂર્ણ થઈ ગયેલ છે અને નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવતા અને તે સેશન્સ કમિટ થતાં તે ગુજસીટોક કેસ નં.૨૧/૨૦૨૩ થી અત્રેની કોર્ટ સમક્ષ ન્યાયિક કાર્યવાહી માટે પેન્ડીંગ છે. સદર ગુનાના કામે તપાસ પૂર્ણ થઈ ગયેલ હોઈ, પુરાવા સાથે ચેડાં થવાનો કોઈ પ્રશ્ન નથી. અરજદાર–આરોપીએ સદર ગુનાની તપાસમાં સાથ–સહકાર આવેલ છે અને અત્રેની કોર્ટ સમક્ષની ન્યાયિક કાર્યવાહી દરમ્યાન પણ નિયમિત હાજર રહેલ છે. અરજદાર–આરોપીને કોઈ સંગઠિત ગુના આચરતી ટોળકી સાથે સીધી કે આડકતરી રીતે સંબંધ નથી; અરજદાર–આરોપીને હાલના ગુનાના કામે અત્રેની કોર્ટ દ્વારા અગાઉ નિયમિત જામીન પર મુક્ત કરવામાં આવ્યા બાદ આજદિન સુધી તેમના વિરુદ્ધ કોઈ ગુનો નોંધાયેલ નથી. અરજદાર–આરોપીએ નામદાર કોર્ટ દ્વારા ઠરાવવામાં આવેલ કોઈ પણ શરતનો ભંગ કરેલ નથી; તેઓ કેસની ઠરાવ તારીખે નામદાર કોર્ટમાં હાજર રહેવા નવસારી મુકામેથી સુરત આવેલ હતા, તે સિવાય તેઓ કોઈ પણ વખત સુરત મુકામે આવેલ નથી. તેમણે વધુમાં જણાવેલ છે કે, સદર ગુનાના સહઆરોપીઓને નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા જામીન મુક્ત કરવામાં આવેલ છે, જેથી અરજદાર–આરોપીને પણ પેરીટીનો લાભ

મળવાપાત્ર છે. વધુમાં અરજદાર–આરોપી ઉપર તેના કુટુંબના સભ્યોની જવાબદારી છે, તેમના માતા–પિતા વયોવૃદ્ધ છે; પિતા ગંભીર બિમારીથી પીડાય છે. જો તેમને જામીન મુક્ત કરવામાં આવશે તો તેઓ નામદાર કોર્ટ સમક્ષ નિયમિત હાજર રહેશે અને નામદાર કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું તેઓ પાલન કરશે. આ સઘળી હકીકતો ધ્યાને લઈ, અરજદાર–આરોપીને નિયમિત જામીન પર મુક્ત કરવા રજૂઆત કરેલ છે.

**(૪.૨)** અરજદાર–આરોપીના વિ.ધારાશાસ્ત્રીશ્રીએ તેમની ઉપરોક્ત રજૂઆતના સમર્થનમાં **આંક–૭** ના લીસ્ટથી નીચે જણાવેલા ચૂકાદાઓ રજૂ કરેલા છે, તે વંચાણે લીધાઃ–

**૧.** રમેશભાઈ બટુભાઈ ડાભી વિ. ગુજરાત રાજ્ય
૨૦૧૧(૩) જી.એલ.આર. ૧૯૯૯

**૨.** ગુજરાત રાજ્ય વિ. સંદિપ ઓમપ્રકાશ ગુપ્તા
૨૦૨૨ લાઈવલો (એસસી) ૧૦૩૧

**(૫)** સરકાર પક્ષે હાલની જામીન અરજીનો વિરોધ કરતા વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રીએ રજૂઆત કરેલ છે કે, અરજદાર–આરોપીની અગાઉની જામીન અરજી અત્રેની કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવેલ, પરંતુ ત્યાર બાદ તેમણે નામદાર કોર્ટ દ્વારા ઠરાવવામાં આવેલ શરતનો ભંગ કરેલ હોવાથી નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તેમના જામીન રદ કરવામાં આવેલ છે. અરજદાર–આરોપી વિરુદ્ધ ગુજસીટોક એક્ટ હેઠળના ગંભીર ગુનાનો આક્ષેપ છે. તેમનો ગંભીર ગુનાહિત ઈતિહાસ છે. જો તેમને જામીન મુક્ત

કરવામાં આવશે તો, તેઓ ફરી સુરત શહેરમાં પ્રવેશ કરી, ફરિયાદ પક્ષના શાહેદોને ટેમ્પર કરે અથવા તો ગુનાહિત પ્રવૃત્તિનું પુનરાવર્તન કરે, તેવી પૂરેપૂરી શક્યતા છે. આ સંજોગોમાં અરજદાર–આરોપીની હાલની અરજી નામંજૂર કરવા રજૂઆત કરેલ છે.

(૬) હાલની જામીન અરજી સંબંધે સૌપ્રથમ તો એ નોંધવું આવશ્યક છે કે, જામીન અરજીનો નિર્ણય કરતી વખતે વ્યક્તિ સ્વાતંત્ર્ય તેમજ સમાજ વ્યવસ્થા એમ બંને પાસાનો એકસાથે વિચાર કરવાનો રહે છે. બંને પક્ષોની ઉપરોક્ત રજૂઆતો સાથે તપાસ કરનાર અધિકારીનું આંક–૪ નું સોગંદનામું, રજૂ થયેલા દસ્તાવેજી પુરાવાઓ અને સમગ્ર રેકર્ડ ધ્યાને લેતાં, અરજદાર–આરોપી "અનસ મીંડી ગેંગ" તરીકે કુખ્યાત ઓર્ગેનાઈઝડ ક્રાઈમ સીન્ડીકેટના સક્રિય સભ્ય હોઈ, તેમણે એકાકી રીતે તેમજ સદર ટોળકીના સભ્યો સાથે મળી ગુનાહિત પ્રવૃત્તિ સતત ચાલું રાખેલ હોઈ, તેમની સામે ગુજસીટોક એક્ટની કલમ–૩(૧)(ii), ૩(૨) તથા ૩(૪) ના ગુનાનો આક્ષેપ મૂકવામાં આવેલ છે.

(૭) સદર ગુનાના કામે નિયમિત જામીન મેળવવા માટે અરજદાર–આરોપીએ અગાઉ અત્રેની અદાલત સમક્ષ ફોજદારી પરચુરણ અરજી નં.૩૦૦૦/૨૦૨૩ દાખલ કરેલ, જે અત્રેની અદાલત દ્વારા તારીખઃ ૦૩.૦૫.૨૦૨૩ ના રોજ મંજૂર કરવામાં આવેલ. જે હુકમમાં ફરમાવવામાં આવેલ જુદી જુદી શરતો પૈકીની શરત નં.૧ અનુસાર અરજદાર–આરોપીએ આ કેસની ટ્રાયલ પૂર્ણ થાય ત્યાં સુધી, સંબંધિત પોલીસ સ્ટેશનમાં હાજરી પૂરાવવાનો તેમજ કેસની ન્યાયિક કાર્યવાહીમાં હાજર રહેવાનો પ્રસંગ

ઉપસ્થિત થાય તે સિવાય સુરત જિલ્લાની હદમાં પ્રવેશ કરવાનો ન હતો.

(૮) અરજદાર–આરોપી અત્રેની કોર્ટના ઉપરોક્ત હુકમ અનુસાર હાલના ગુનાના કામે જામીન મુક્ત થયા બાદ તેમને સુરત જિલ્લાની હદમાં પ્રવેશ કરવાનો ન હતો, તેમ છતાં તેમણે અવારનવાર સુરત શહેરમાં પ્રવેશ કરી, અત્રેની કોર્ટ દ્વારા ફરમાવવામાં આવેલ ઉપરોક્ત શરતનો ભંગ કરેલ હોઈ, ત્રાહિત પક્ષકાર દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ આર/ક્રિમિનલ મીસે. એપ્લીકેશન નં.૮૨૬/૨૦૨૪ દાખલ કરવામાં આવેલ, જે અરજી નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તારીખઃ ૦૨.૦૨.૨૦૨૬ ના રોજ મંજૂર કરવામાં આવેલ અને અરજદાર–આરોપીના જામીન રદ કરી, તેની ધરપકડ કરવા હુકમ કરવામાં આવેલ. ત્યાર બાદ અરજદાર–આરોપી સક્ષમ ઑથોરીટી સમક્ષ હાજર થતાં તેમને ફરીથી હાલના ગુનાના કામે અટક કરી જ્યુડિશિયલ કસ્ટડીમાં મોલવામાં આવેલ છે. જેથી તેમણે નિયમિત જામીન મેળવવા હાલની અરજી કરેલ છે.

(૯) અરજદાર–આરોપી તરફેના વિ.ધારાશાસ્ત્રીશ્રીએ હાલની અરજીના કામે જે કોઈ રજૂઆત કરેલ છે, તેવી જ રજૂઆતોને ધ્યાને લઈને અગાઉ અરજદાર–આરોપીને અત્રેની કોર્ટ દ્વારા નિયમિત જામીન પર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવેલ. પરંતુ ત્યાર બાદ તેમણે જામીનની શરતનો ભંગ કરેલ હોવાથી નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તેમના જામીન રદ કરવામાં આવેલ છે. અરજદાર–આરોપી તરફે ત્રાહિત પક્ષકારને તેના જામીન નામંજૂર કરવા કે રદ કરાવવા રજૂઆત કરવા કોઈ હક્ક કે અધિકાર ન હોવાની રજૂઆત કરવામાં આવેલ છે, પરંતુ આ મુદ્દો નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા

આર/ક્રિમિનલ મીસે. એપ્લીકેશન નં.૮૨૬/૨૦૨૪ ના કામે કરવામાં આવેલ હુકમમાં નિર્ણિત કરવામાં આવેલ છે, જેથી અરજદાર–આરોપી તરફેની આ રજૂઆત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

(૧૦) અરજદાર–આરોપી વિરુદ્ધ ગુજસીટોક એક્ટ હેઠળના ગંભીર ગુનાનો આક્ષેપ છે. તેમનો ગંભીર ગુનાહિત ઈતિહાસ છે. તેમને સુરત શહેરમાં પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ હોવા છતાં તેમણે અત્રેની કોર્ટ દ્વારા ફરમાવવામાં આવેલ શરતનો ભંગ કરી અવારનવાર સુરત શહેરમાં પ્રવેશ કરેલ છે અને આ અંગેના આધારભુત પુરાવા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલ અને તે કારણસર જ તેમના જામીન રદ કરવામાં આવેલ છે. આ સંજોગોમાં જો અરજદાર–આરોપીના ફરીથી જામીન મંજૂર કરવામાં આવે તો તેઓ શરતભંગ કરી, પુનઃ સુરત શહેરમાં પ્રવેશ કરી, ફરિયાદ પક્ષના શાહેદોનો લોભ, લાલચ, ધાકધમકી કે પ્રલોભન આપી, ટેમ્પર કરે, ફરિયાદ પક્ષના કેસને નુકસાન પહોંચાડે તેમજ ગુનાહિત પ્રવૃત્તિનું પુનરાવર્તન કરે, તેવી શક્યતાનો ઈન્કાર થઈ શકે તેમ નથી. જેથી આક્ષેપિત ગુનાનો પ્રકાર, ગુનાની ગંભીરતા, કેસમાં સમાવિષ્ટ પુરાવાનું સ્વરૂપ, મહત્તમ સજાની જોગવાઈ, નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા આર/ક્રિમિનલ મીસે. એપ્લીકેશન નં.૮૨૬/૨૦૨૪ ના કામે તારીખઃ ૦૨.૦૨.૨૦૨૬ ના હુકમમાં કરવામાં આવેલ અવલોકનો તેમજ ઉપરોક્ત સઘળી હકીકતો ધ્યાને લેતાં, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે આ કોર્ટને મળેલ વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવાનું ન્યાયોચિત જણાતું ન હોઈ, અરજદાર–આરોપીની અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે:–

**હુકમ**

અરજદાર–આરોપી **મોહમદ યશા હનિફ ઉર્ફે અનુ મીંડી શેખ**ની અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશન પાર્ટ–'બી' ગુના રજિ. નં.૧૧૨૧૦૦૦–૫૨૨૦૯૯૭/૨૦૨૨ ના કામે ગુજસીટોક એકટની કલમ–૩(૧)(ii), ૩(૨) તથા ૩(૪) ના ગુના સબબ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ હેઠળ નિયમિત જામીન મેળવવા માટેની હાલની ફોજદારી પરચુરણ અરજી નં.૧૬૧૮/૨૦૨૬ આથી **નામંજૂર** કરવામાં આવે છે.

ક્રિમિનલ મેન્યુઅલના પેરા–૨૫(એ) ની જોગવાઈ મુજબ આ હુકમની એક નકલ અરજદાર–આરોપીને સંબંધિત જેલ ઑથોરીટી મારફત પૂરી પાડવી.

આ ચૂકાદો આજરોજ તારીખઃ **૧૨મી** માહે **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ સુરત મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સહી/–
**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
સત્ર ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]

DPP